ઉત્સાહી, આળસ વગરનો, કામ કરવાની સાચી રીત જાણવાવાળો, વ્યસન વગરનો બહાદુર માણસ પાસે સફળતા અને ધન સામે ચાલીને આવી છે
- જે.આર.ડી.ટાટા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૯ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# બંધના એલાનના પગલે ભારે ઉત્તેજના

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં કાયદો, વ્યવસ્થા કથળ્યાના આક્ષેપ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા અપાયેલા ગુજરાત બંધના એલાનના પગલે રાજ્યભરમાં ભારે ઉત્તેજના પ્રવર્તે છે. વહીવટી તંત્ર અને ભારતીય જનતા પાર્ટીનું સંગઠન બંધને નિષ્ફળ બનાવવા માટે તમામ પ્રકારની વ્યુહરચના ઘડી છે. જ્યારે નવ વર્ષ પછી બંધનું એલાન આપનાર કોંગ્રેસ પણ લડી લેવાના મુડમાં છે. એકતરફ વહીવટી તંત્રને મહાજનો સાથે વાત કરી તમામ બજારો ખુલ્લા રખાવા સચિવાસયમાંથી આદેશો છોડાયા છે તો બીજી તરફ કોંગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ અધિકારીઓને મર્યાદામાં રહી ફરજ બજાવવા ચીમકી આપી છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીએ કોંગ્રેસના બંધના એલાનને સમર્થન જાહેર કર્યું છે અને પોલીસ તંત્ર પણ જડબેસલાક બંદોબસ્ત સાથે અઘટિત ઘટના ન બને તેની રણનીતિ ઘડી છે. આમ આવતીકાલનું બંધનું એલાન સફળ થશે કે નિષ્ફળ રહેશે એ તો પ્રજાએ નક્કી કરવાનું છે. પરંતુ ચારેય તરફ ભારે ઉત્તેજનાપૂર્ણ માહોલમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે સંઘર્ષના એંધાણ વર્તાય છે. હિંસા ન થાય તે માટે વિપક્ષી નેતાએ પ્રજાજોગ અપીલ કરી છે અને સરકાર પક્ષે પણ પૂરતો બંદોબસ્ત ગોઠવવાના આદેશ છૂટ્યા છે.

## બંધના એલાનને નિષ્ફળ બનાવવા જિલ્લા વહીવટી તંત્રને આદેશ

ગાંધીનગર, તા.૫

એન્કાઉન્ટર અને ભ્રષ્ટાચારના મુદ્દે ગુજરાત કોંગ્રેસે આપેલા ગુજરાત બંધના એલાનને નિષ્ફળ બનાવવા માટે રાજય સરકારે દોડધામ શરૂ કરી છે. ગાંધીનગરથી જિલ્લાઓના વહીવટી તંત્રને સીધા આદેશ આપીને જિલ્લાના વેપારી મહામંડળો અને વિવિધ સંસ્થાઓને બોલાવીને મંત્રણા કરવાનું ફરમાન કર્યું છે.

ગુજરાતના બહુચર્ચિત એન્કાઉન્ટરના કેસોમાં પોલીસ ઓફિસર ડી.જી.વણઝારાએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પૂર્વ ગૃહ રાજયમંત્રી અમિત શાહ ઉપર સીધા આક્ષેપો કરતો નવ પાનાનો પત્ર લખ્યા પછી દેશભરમાં તેના ઘેરા -ત્યાઘાત પડ્યા છે. આ પત્રની વિગતો પછી રાજય સરકારે સત્તાવાર કોઇ -તિભાવ આપ્યો નથી પરંતુ વણઝારાના આ કૃત્ય પાછળ કોનો હાથ છે તેની છાનબીન શરૂ કરી છે.

વિરોધપક્ષ કોંગ્રેસે ૬???? સપ્ટેમ્બરના રોજ ગુજરાત બંધનું એલાન આપ્યું છે ત્યારે આ એલાનને ફ્લોપ કરવા માટે રાજય સરકારે તેના વહીવટી તંત્રને આદેશો કર્યા છે. રાજયના -ત્યેક જિલ્લા કલેક્ટરો અને જિલ્લા પોલીસ વડાઓને જિલ્લાઓના વેપારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગધંધા સાથે સંકળાયેલા આગેવાનો સાથે મંત્રણા કરી બંધને સહકાર નહીં આપવાની ફરજ પાડવાનું કહેવામાં આવ્યું છે.

સૂત્રો જણાવે છે કે ગુજરાત સરકારે જિલ્લા કલેક્ટરોને વેપારીઓ સાથે બેઠક બોલાવવા માટે -થમવાર લેખિતમાં આદેશ કર્યા છે. સામાન્યરીતે બંધનું એલાન હોય ત્યારે પોલિટીકલ પાર્ટીઓ તરફથી એલાનને સફળ બનાવવા કે નિષ્ફળ બનાવવાના -યાસો કરવામાં આવતા હોય છે. આવતીકાલના બંધના કાર્યક્રમમાં -થમવાર જિલ્લા કલેક્ટરોને

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના બંધના એલાનને જીપીપીનો પરોક્ષરીતે ટેકો

અમદાવાદ, તા.૫

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષથી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ભાજપના રાજ્યમાં લોકશાહીને ગળેટુંપો દઈને સમગ્ર બંધારણીય પરંપરાઓ અને લોકશાહી વ્યવસ્થાને ખતમ કરીને સરમુખ્યાર શાસન ચાલે છે તેના વિરૂદ્ધમાં કોંગ્રેસ જે ગુજરાત બંધનું એલાન આપ્યું છે તે બાબત ગુજરાત પરિવર્તન પાર્ટી કોંગ્રેસને સમર્થન આપતી નથી પરંતુ જે મુદ્દાઓ ઉઠાવી ગુજરાત બંધનું એલાન આપ્યું છે તે મુદ્દાઓને સમર્થન કરે છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયાએ જણાવ્યું હતું કે ભાજપની નરેન્દ્રભાઈના નેતૃત્વની ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર છાવરવા લોકાયુક્ત વ્યવસ્થાને ખતમ કરી રહી છે. સરકારીતંત્ર અને પોલીસતંત્રનો દુરૂપયોગ માત્ર એક જ વ્યક્તિની પ્રશંસા માટે અને વાહવાહી માટે થઈ રહ્યો છે.

## ગુજરાત બંધમાં જોડાવા તમામ લોકોને કોંગ્રેસની અપીલ

અમદાવાદ, તા.૫

લોકશાહી અને પ્રજાજનના હિતમાં આવતીકાલે ગુજરાત બંધનું એલાન કોંગ્રેસ દ્વારા આપવામાં આવ્યુ છે. આ બંધમાં જોડાવવા તમામ લોકોને કોંગ્રેસ દ્વારા અપીલ પણ કરવામાં આવી છે. કોંગ્રેસ પક્ષ આ બંધને સફળ બનાવવાના પ્રયાસમાં છે. ભાજપ સરકારની ગુનાહીત માનસિકતા અને કાવતરાનો પર્દાફાશ કરવાના હેતુસર આ બંધનું એલાન આપવામાં આવ્યુ હોવાનો દાવો કોંગ્રેસના નેતાઓ દ્વારા કરવામાં આવ્યો છે. બુધવારના દિવસે કોંગ્રેસે બંધના એલાનની જાહેરાત કરી હતી. કોગ્રેસના નેતાઓનું કહેવું છે કે છેલ્લા ત્રણ દિવસમાં બહાર આવેલી ઘટનાઓએ દેશને હચમચાવી મુક્યુ છે.

કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હુકમનું અક્ષરશઃ પાલન કરનાર અને હાલ નકલી એન્કાઉન્ટર કેસમાં જેલમાં બંધ એવા ડીઆઈજી કક્ષાના અધિકારી વણઝારાએ ૧૦ પાનાના રાજીનામાનાં પત્રમાં આપેલી વિગતોએ સમગ્ર દેશની આંખ ખોલી નાંખી છે. સાથે સાથે ગુજરાતની પ્રજાને પણ વાસ્તવિકતાની જાણ થઈ છે. હાલમાં જ રાજીનામુ આપનાર પોલીસ અધિકારી વણઝારાએ નારાજગી વ્યક્ત કરીને સરકારને પત્ર લખ્યો હતો જેમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ છે. પત્રમાં વણઝારાએ કહ્યુ હતુકે અમે સરકારે નક્કી કરેલી નીતિ અનુસાર અને સરકાર બેઠેલા મુખ્યમંત્રી અને રાજ્યકક્ષાના ગૃહમંત્રીના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ જ ક્ષેત્રીય અધિકારીઓ તરીકે એન્કાઉન્ટરો કર્યા હતા. બીજી બાજુ કોંગ્રેસે આપેલા ગુજરાત બંધને ધ્યાનમાં લઈને કોઈ પણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. સુરક્ષાવ્યવસ્થા પણ પાટનગર ગાંધીનગર સહિત તમામ જગ્યાઓએ વધારવામાં આવી છે. કેટલાક રાજ્યોમાં ચૂંટણી નજીક હોવાથી વણઝારાના મામલાને ધ્યાનમાં લઈને કોગ્રેસ પણ મોદી સરકારને ભીંસમાં લેવાની તૈયારી કરી ચુકી છે.





(તસવીર : દિપક જાની)

ગણપતિ બાપા મોરિયા - ભગવાન ગણેશજીની સવારી આવી રહી છે... વિઘ્નહર્તા દેવની દબદબાપૂર્વક યાત્રાઓ નીકળશે.... પૂજન અર્ચન થશે.... અને નવ દિવસ કે અગિયાર દિવસ સાર્વજનિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. લોકમાન્ય તિલકે ગણેશ ચતુર્થીની ઉજવણીને સાંસ્કૃતિક સ્વરૂપ આપી સાર્વજનિક મહોત્સવ બનાવવાની પહેલ કરી હતી અને આજે વર્ષોથી દેશભરમાં સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી ભારે ધામધૂમથી થઈ રહી છે. ગાંધીનગરમાં આ વર્ષે ગણેશજીને વધાવવા ભારે ઉમળકો વર્તાઈ રહ્યો છે.... સેક્ટર-૨૨ રંગમંચ, સેક્ટર-૨ કોમન પ્લોટ, બ્રહ્મભવન સેક્ટર-૧૬ અને પથિકાશ્રમ ખાતે નવ-નવ દિવસના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે... ગણેશજીનું પૂજન આપણી સામાજીક અને ધાર્મિક પરંપરામાં ખૂબ ઉંચો મહિમા ધરાવે છે... ગણેશજીના ગુણો, માનવ માત્રમાં ઉતરે તો જીવનમાં રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે... આવો ઉજવીએ ગણેશોત્સવ....



હાર્દિક અભિનંદન



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય



કિર્તીસિંહ વાઘેલા
પ્રદેશ મહામંત્રી
ગુજરાત ભાજપ



ઈશ્વરભાઈ એ. પટેલ
પ્રમુખ
તાલુકા ભાજપ



ઈશુભા કે. વાઘેલા
મહામંત્રી
તાલુકા ભાજપ



વાઘેલા મેતુભા કાકુસિંહ
મંત્રી - કિસાન મોરચો
તાલુકા ભાજપ, કાંકરેજ
ઉંબરી - મો. ૯૯૭૪૨ ૪૩૮૦૨

ગુજરાત પ્રદેશ મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાની ભલામણથી બનાસકાંઠા જિલ્લા ભાજપ મોવડી મંડળના હોદ્દેદારો અને કાંકરેજ તાલુકા ભાજપના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ અને મહામંત્રીશ્રી ઈસુભા વાઘેલાની ભલામણથી કાંકરેજ તાલુકા કિસાન મોરચાના મંત્રી તરીકે વરણી કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.
આપ ઉત્તરોત્તર પ્રગતિ કરી વિજયનાં શિખરો સોપાનો સર કરો એવી શુભેચ્છા સહ....

શુભેચ્છક



વાઘેલા પ્રભાતસિંહ
સામાજીક કાર્યકર - ઉંબરી

વાઘેલા સિદ્ધરાજસિંહ મેતુભા (ઉંબરી)
ઠક્કર મુકેશભાઈ સોમાભાઈ
(મહાવીર પેટ્રોલ પંપ - ઉંબરી)

ઠક્કર રાજુભાઈ (રાંનેર)
વાઘેલા મનુભા વાંહજી (ઉંબરી)
વાઘેલા બચુભા અગરસિંહ (ઉંબરી)